બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઇઝ્ડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA Empowering the nation (A Rakesh Saini Enterprise) SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57



વર્ષઃ ૧૬૩ અંક : ૫૦ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ બારસ, સોમવાર ૨૪ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ઓપરેશન સિંદૂરમાં નષ્ટ જૈશનું હેડક્વાર્ટર ફરી તૈયાર

**અગ્રણી** મીડિયા ગૃહને મળેલા ફૂટેજમાં કેમ્પસમાં નવા માર્બલ લગાવી પ્લાસ્ટર કરીને કલરકામ પણ સંપન્ન કરી દેવાયું

**ઓપરેશન** સિંદુરના 15 મહિના પછી બહલાવલપુરમાં જૈશ-એ-મહંમદના મરકઝના ગુંબજનું સમારકામ થઇ ગયું

**બહાવલપુર** સ્થિત જૈશના હેડક્વાર્ટરના પુનઃ નિર્માણમાં પાકિસ્તાની તંત્રએ રૂ. 25 કરોડ આપ્યા હોવાના અહેવાલ

**નવી દિલ્હી, તા. ૨૩:** પાકિસ્તાનના બહાવલપુરમાં આવેલા જૈશ-એ-મોહમ્મદ સંગઠનના મુખ્યાલયનું પુનઃનિર્માણ પૂર્ણ થઈ ગયું છે. એક અગ્રણી મીડિયા ગૃહ દ્વારા મેળવવામાં આવેલા વિઝ્યુઅલ્સમાં આ બાબત સામે આવી છે. ગત વર્ષે મે મહિનામાં ભારતના ‘ઓપરેશન સિંદૂર’ હવાઈ હુમલામાં આ હેડક્વાર્ટરને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

પંજાબ પ્રાંતમાં આવેલા આ કેમ્પને નવા આરસપહાણ, તાજા રંગ અને પ્લાસ્ટરથી ફરીથી સજાવવામાં આવ્યો છે, જ્યારે નુકસાન પામેલા ગુંબજોનું પણ પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ હોલમાં પડેલા ખાડાઓ પૂરી દેવામાં આવ્યા છે અને માળખાને સરખું કરવામાં આવ્યું છે, જેથી ભારતીય હુમલાથી થયેલા નુકસાનને અસરકારક રીતે છુપાવી શકાય. ગુપ્તચર માહિતી અનુસાર, પાકિસ્તાની તંત્રે જૈશને આ કામ માટે રોકડ હપ્તામાં 25 કરોડ પાકિસ્તાની રૂપિયા પૂરા પાડ્યા હતા, જેમાંથી આશરે 11 કરોડ રૂપિયા તો માત્ર સેન્ટ્રલ હોલના પુનઃનિર્માણ પાછળ ખર્ચવામાં આવ્યા છે. મુખ્ય પરિસરની નજીકના ક્ષતિગ્રસ્ત માળખાઓ, જેમાં જૈશના કમાન્ડરો દ્વારા ઉપયોગમાં લેવાતા રહેણાંક વિસ્તારો પણ સામેલ છે, તેને પણ સાફ કરીને ત્યાં નવું બાંધકામ કરવામાં આવી રહ્યું છે.

આ પુનઃનિર્માણ ‘ઓપરેશન સિંદૂર’ના 15 મહિના પછી થયું છે. 7 મે, 2025ના રોજ આ ઓપરેશન દરમિયાન ભારતીય દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવ્યું હતું. આ નવું સમારકામ આ વર્ષના એપ્રિલ મહિનાની સ્થિતિથી એક મહત્વપૂર્ણ તબક્કો દર્શાવે છે, સમીક્ષા કરવામાં આવેલી સેટેલાઇટ છબીઓમાં આ પરિસરમાં ભારે મશીનરી તથા બાંધકામના વાહનો અને ક્ષતિગ્રસ્ત ગુંબજો પર સમારકામનું કામ ચાલતું જોવા મળ્યું હતું.

## રાષ્ટ્રગીત વાગતું હતું અને યુપી વિધાનસભાના સ્પીકર ચાલવા માંડ્યા !

**સતિષ** મહાનાના આવા વર્તનથી ભારે વિવાદઃ વિપક્ષોના ભાજપ પર આકરા પ્રહાર

**ભાજપે** બચાવમાં કહ્યું કે ઘટનાને બિનજરૂરી રીતે મોટું સ્વરૂપ અપાઇ રહ્યું છે, આવી ભૂલો ક્યારેક થઇ શકે છે




**ઉન્નાવ(યુપી), તા. 23(પીટીઆઈ):** ઉત્તર પ્રદેશ વિધાનસભાના સ્પીકર સતિષ મહાના અહીં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રગીત વાગી રહ્યું હતું ત્યારે ચાલ્યા જતા જોવા મળ્યા બાદ વિવાદના કેન્દ્રમાં આવી ગયા છે, જેને લઈને વિપક્ષે તેમના પર આકરા પ્રહારો કર્યા છે.

જો કે, મહાનાએ દાવો કર્યો હતો કે જ્યાં તેમને ‘ગાર્ડ ઓફ ઓનર’ આપવામાં આવ્યું હતું ત્યાં રાષ્ટ્રગીત વાગતું નહોતું. આ ઘટનાના વાયરલ વિડીયોમાં જોવા મળે છે કે શનિવારે ‘પ્રિન્સિપલ્સ કાઉન્સિલ’ના કાર્યક્રમમાં રાષ્ટ્રગીત વાગી રહ્યું હતું ત્યારે વિધાનસભા અધ્યક્ષ થોડી સેકન્ડ માટે સ્થિર ઊભા રહે છે, પછી પાછળ ફરીને સલામી આપવાના મંચ પરથી નીચે ઉતરી જાય છે. ત્યારબાદ નજીકમાં ઊભેલા કેટલાક સમર્થકો તેમની પાસે આવે છે અને તેમના ચરણ સ્પર્શ કરતા જોવા મળે છે. રાષ્ટ્રગીત ચાલુ જ રહે છે અને મહાના પોતાના વાહન તરફ આગળ વધીને સ્થળ પરથી

...અનુસંધાન પાના 2 પર

## H1N1નો કોઈ નવો સ્ટ્રેન મળ્યો નથી : ICMRની સ્પષ્ટતા

**દિલ્હી** સહિત દેશના અન્ય ભાગોમાં સ્વાઇન ફ્લુના વધેલા કેસો વચ્ચે સ્પષ્ટતા આવી

**સિઝનલ** ઇન્ફ્લુએન્ઝા મોટેભાગે આપમેળે મટી જાય છે, ગભરાવાની જરૂર નથી

**નવી દિલ્હી, તા. ૨૩(PTI):** દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારા વચ્ચે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું કે H1N1 નો કોઈ નવો સ્ટ્રેન મળી આવ્યો નથી અને ગભરાવાની જરૂર નથી.

તેમણે જણાવ્યું હતું કે, હાલમાં ફેલાઈ રહેલા ઈન્ફ્લ્યુએન્ઝાના સ્ટ્રેન ઉત્તરી ગોળાર્ધ માટે ભલામણ કરાયેલા વેક્સિન સ્ટ્રેન સાથે યોગ્ય રીતે મેળ ખાય છે.

H1N1 સહિત મોસમી ઈન્ફ્લ્યુએન્ઝા મોટાભાગે આપમેળે મટી જતો રોગ છે. તેના સામાન્ય લક્ષણોમાં તાવ, ઉધરસ, માથાનો દુખાવો અને શરીરનો દુખાવો શામેલ છે, અને મોટાભાગના લોકો યોગ્ય સંભાળ અને આરામથી સાજા થઈ જાય છે. જો કે, નાના બાળકો, વૃદ્ધો અને અગાઉથી કોઈ બીમારી ધરાવતી

...અનુસંધાન પાના 2 પર

## સંરક્ષણ કરારની આડમાં પાકિસ્તાન શસ્ત્રોનો સંગ્રહ કરી રહ્યાના અહેવાલ

**તુર્કીના** C-130 લશ્કરી વિમાનોએ 3 દિવસમાં વારંવાર પાકિસ્તાનની મુલાકાત લઇ ડ્રોનનો મોટો જથ્થો પહોંચાડ્યો

**19થી** 21 ઓગસ્ટ દરમિયાન તુર્કી અને પાકિસ્તાન વચ્ચે C-130 હર્ક્યુલસ પરિવહન વિમાનો ઉડાઉડ કરતાં રહ્યા

**રાવલપિંડી, તા. 23 :** સાઉદી અરેબિયા અને તુર્કી સાથેના સંરક્ષણ કરારની આડમાં પાકિસ્તાન પોતાના શસ્ત્રોનો ભંડાર વધારી રહ્યું હોવાના અહેવાલ સામે આવ્યા છે. ગુપ્તચર માહિતી અનુસાર, છેલ્લા 60 કલાકમાં બે મુખ્ય પાકિસ્તાન વાયુસેનાના ઠેકાણાઓ પર તુર્કી લશ્કરી વિમાનોની સતત ગતિવિધિ જોવા મળી છે, જેમાં 19 ઓગસ્ટથી 21 ઓગસ્ટ દરમિયાન તુર્કી અને પાકિસ્તાન વચ્ચે અનેક તુર્કી C-130 હર્ક્યુલસ પરિવહન વિમાનો ઉડાન ભરી રહ્યા છે.



રાવલપિંડી નજીકના નૂર ખાન એરબેઝ અને કરાચીના મસરૂર એરબેઝ પરથી વિમાનો ઉતરતા અને ઉડતા જોવા મળ્યા હતા. ગુપ્તચર સૂત્રોએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે પ્રવૃત્તિની આવર્તન અને પેટર્ન અસામાન્ય હતી. ત્રણ દિવસ દરમિયાન તુર્કી વાયુસેનાના C-130 હર્ક્યુલસ વિમાનો દ્વારા અનેક ઉડાન ભરવામાં આવી હતી, જેમાં પરિવહન વિમાનો તુર્કી અને પાકિસ્તાન વચ્ચે ફરતા હતા. સેટેલાઇટ ટ્રેકિંગથી તેમની પ્રવૃત્તિઓ છુપાવવા માટે રાત્રિના અંધારામાં ડ્રોન પહોંચાડવામાં આવ્યા હતા.

પાકિસ્તાન દ્વારા તેના માનવરહિત હવાઈ કાફલા અને શસ્ત્રોના ભંડારને વિસ્તૃત કરવાના પ્રયાસો વચ્ચે વિમાનની હિલચાલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગુપ્તચર માહિતી સૂચવે છે કે તુર્કીની ફ્લાઈટ્સે

...અનુસંધાન પાના 2 પર

## ચીનની નવી ચાલ : કાર્ગો જહાજોને યુદ્ધ જહાજોમાં બદલી રહ્યું છે

**ભારત** સહિત અમેરિકા, જાપાન, તાઈવાન, ફિલિપિન્સ અને ઓસ્ટ્રેલિયા અને અન્ય ઘણા દેશોને ખતરો?

**બીજિંગઃ તા. 23 :** ચીન પાસે સંખ્યાબળની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી નૌસેના છે. તે ઝડપથી નવા-નવા યુદ્ધ જહાજો, સબમરીન અને એરક્રાફ્ટ કેરિયર્સનું નિર્માણ પણ કરી રહ્યું છે. આમ છતાં ચીનની યુદ્ધ જહાજો માટેની ભૂખ શાંત થઈ નથી. તે કાર્ગો જહાજોને યુદ્ધક જહાજોમાં બદલવાની યોજના પર કામ કરી રહ્યું છે. આ કંઈક એવું જ છે, જેમ કે કોઈ કાર્ગો જહાજના કન્ટેનરમાં લોન્ચ કરવા માટે મિસાઈલ તૈનાત કરવી. આનાથી દુશ્મનને ચીનની ચાલનો અંદાજ નહીં આવે અને ક્ષણભરમાં દુશ્મનનાં સૈન્ય ઠેકાણાં તબાહ થઈ જશે. આનાથી ભારત, અમેરિકા, જાપાન, તાઈવાન, ફિલિપિન્સ અને ઓસ્ટ્રેલિયા સહિત અન્ય ઘણા દેશોને ખતરો થઈ શકે છે.

બીજિંગની શીર્ષ આર્થિક યોજના એજન્સીના એક સંરક્ષણ સંશોધકે કમ્યુનિસ્ટ સરકારને આગ્રહ કર્યો છે કે, ચીને યુદ્ધકાલીન અભિયાનો માટે નાગરિક જહાજોને પોતાના કબજામાં લેવાની યોજનાઓમાં તેજી લાવવી જોઈએ. સંશોધકે 1982ના ફોકલેન્ડ

...અનુસંધાન પાના 2 પર

## ભારતના માજી રાજદૂતને ભારતીય નાગરિકતા સાબિત કરવા કહેવાયું!

**પંજાબમાં** SIR પ્રક્રિયા દરમિયાન ત્રણ દેશોમાં ભારતના દૂત રહી ચુકેલા નિવૃત્ત IFS અધિકારી નવદીપ સૂરીને થયેલો કડવો અનુભવ

**અમૃતસર, તા. ૨૩:** તેમણે દાયકાઓ સુધી વિદેશમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું પરંતુ પોતાના ગૃહરાજ્ય પંજાબમાં, નિવૃત્ત IFS અધિકારી નવદીપ સૂરીને એ સાબિત કરવા માટે દસ્તાવેજો રજૂ કરવાનું કહેવામાં આવ્યું કે તેઓ ભારતીય નાગરિક છે!



સૂરી, જેમણે સંયુક્ત આરબ અમીરાત(UAE) અને ઈજિપ્તમાં ભારતના રાજદૂત તરીકે તથા ઓસ્ટ્રેલિયામાં હાઈકમિશનર તરીકે સેવા આપી હતી, તેમને પંજાબમાં મતદાર યાદીઓની ખાસ સઘન સુધારણા(SIR) દરમિયાન આ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ એક સામાન્ય ચકાસણી પ્રક્રિયા તરીકે શરૂ થયું હતું. અમૃતસરના નિવાસી સૂરીએ તેમના બૂથ લેવલ ઓફિસર(BLO)ની મુલાકાત લીધી અને પોતાના મતદાર ઓળખપત્ર અને આધાર કાર્ડ રજૂ કર્યા. તેમને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે તેમના તમામ દસ્તાવેજો બરાબર છે. બાદમાં તેમને એક મેસેજ મળ્યો કે કેટલીક વિગતો 2003ના SIR સાથે મેળ ખાતી નથી! સૂરીએ X પર પોતાની મુશ્કેલીઓની વિગતો વર્ણવી છે. વિસંગતતાનો અર્થ એ થયો કે તેમણે સબમિટ કરેલા દસ્તાવેજો હવે પૂરતા ગણવામાં આવ્યા ન હતા.

આ સમસ્યા 2003માં ભારતમાંથી તેમની ગેરહાજરીને કારણે ઉભી

...અનુસંધાન પાના 2 પર

## રહેમાનની ભારત મુલાકાતની કોઈ ઉતાવળ નથી : બાંગ્લાદેશ

**ઢાકા** પોતાના રાષ્ટ્રીય હિતો સાથે બાંધછોડ નહીં કરે તેમ જણાવતા બાંગ્લાદેશના નાયબ વિદેશ મંત્રી

**તારીક** રહેમાનની ભારતની સૂચિત મુલાકાતને બાંગ્લાદેશ હસીનાના પ્રત્યાર્પણ સાથે સાંકળી રહ્યું છે

**ઢાકા, તા. ૨૩(PTI):** બાંગ્લાદેશે સ્પષ્ટ કર્યું છે કે વડાપ્રધાન તારિક રહમાનની ભારત મુલાકાત માટે “કોઈ ઉતાવળ નથી” અને નવી દિલ્હી સાથે સકારાત્મક સંબંધો ઈચ્છતા હોવા છતાં ઢાકા પોતાના રાષ્ટ્રીય હિતો સાથે કોઈ સમજૂતી કરશે નહીં, તેમ એક મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે.

સરકારી ન્યૂઝ એજન્સી BSSના અહેવાલ મુજબ, વિદેશ બાબતોના રાજ્ય મંત્રી હુમાયૂ કબીરે શનિવારે ઢાકા ખાતે આ ટિપ્પણી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો વચ્ચેની દ્વિપક્ષીય ચર્ચાઓમાં પૂરતી પ્રગતિ થયા પછી યોગ્ય સમયે રહમાનની ભારત યાત્રા યોજાશે. કબીરની આ ટિપ્પણી રહમાનની નવી દિલ્હી મુલાકાત અંગે ચાલુ અનિશ્ચતતા વચ્ચે આવી છે. ભારતે બાંગ્લાદેશના વડાપ્રધાનને દ્વિપક્ષીય મુલાકાત તેમજ

...અનુસંધાન પાના 2 પર

## PNG કનેકશનો વધારવાનું કામ ઝડપી કરવા રાજ્યોને કેન્દ્રનું દબાણ

**કુટુંબોને** એલપીજી પરથી પીએનજી તરફ વાળવાના અભિયાન માટે જિલ્લા સ્તરે અધિકારીઓ નિમવાનો આગ્રહ

**નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઈ):** પેટ્રોલિયમ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઘરોને એલપીજી(LPG)થી પાઈપ્ડ નેચરલ ગેસ(PNG) તરફ વળવાની પ્રક્રિયાને વેગ આપવા માટે જિલ્લા સ્તરે વહીવટી સહાય પૂરી પાડવા જણાવ્યું છે, અને ગેસ વિતરકો તેમજ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન કરવા માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવાની માગ કરી છે.

રાજ્યોના મુખ્ય સચિવોને 21 ઓગસ્ટના રોજ લખેલા પત્રમાં પેટ્રોલિયમ સચિવ નીરજ મિત્તલે જણાવ્યું હતું કે પી.એન.જી., એક સુરક્ષિત, સ્વચ્છ અને વધુ કાર્યક્ષમ રસોઈ ઈંધણ તરીકે એલપીજી વિતરણ સાથે સંકળાયેલા લોજિસ્ટિક્સના ભારને ઘટાડવા અને ગ્રાહકોની સુવિધામાં સુધારો કરવાની સાથે ભારતની એનર્જી ટ્રાન્ઝિશન પ્રક્રિયાને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મિત્તલે પત્રમાં જણાવ્યું હતું કે, “પી.એન.જી. એક સુરક્ષિત, સ્વચ્છ અને વધુ કાર્યક્ષમ રસોઈ ઈંધણ લાવે છે, જે દેશના ઊર્જા પરિવર્તનના ઉદ્દેશ્યોને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેની ઝડપી સ્વીકૃતિ એલપીજી વિતરણ સાથે સંકળાયેલા લોજિસ્ટિક્સના ભારને ઘટાડવામાં, ગ્રાહકોની સુવિધા વધારવામાં અને જંગી જાહેર તથા ખાનગી રોકાણ દ્વારા નિર્મિત સીજીડી (CGD) ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વધુ સારા ઉપયોગમાં યોગદાન આપે છે.” જે વિસ્તારોમાં પાઈપવાળો ગેસ ઉપલબ્ધ છે ત્યાં ઘરોને એલપીજી અને પી.એન.જી. બંને કનેક્શન એકસાથે રાખતા

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૩-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૬૯૦ મીમી |
|---|---|---|
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૨૫ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૯ સે. | ૨૬.૩ સે. | ૮૧% |

## મંત્રીઓના બંગલાઓના રિનોવેશનમા એક વર્ષમાં રૂ. 92 કરોડનો વિક્રમી ખર્ચ!

**ગયા** નાણાકીય વર્ષનો રિનોવેશન, સમારકામનો ખર્ચ 2014-15માં થયેલા રૂ.27.47 કરોડના ખર્ચ કરતાં ત્રણ ગણાથી પણ વધુ

**સાધનો** બદલવાની વિનંતીઓ વારંવાર આવે છે, દર થોડા વર્ષે ફ્લોરની ટાઇલ્સ બદલવાની ફરમાઇશ થાય છે

**નવી દિલ્હી, તા. ૨૩:** એક આરટીઆઈ અરજી દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર, દિલ્હીના લ્યુટિયન્સ બંગલા ઝોનમાં સ્થિત કેન્દ્રીય મંત્રીઓના સત્તાવાર નિવાસસ્થાનોના રિનોવેશન, ફર્નિશિંગ અને સમારકામ પાછળનો વાર્ષિક ખર્ચ 2025-26માં વધીને રેકોર્ડ 92.35 કરોડ થયો છે, જે 2014-15માં થયેલા 27.47 કરોડના ખર્ચ કરતાં ત્રણ ગણાથી પણ વધુ છે.

સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ(CPWD), જે આ રિનોવેશન, સમારકામ અને જાળવણીનું કામ સંભાળે છે, તેના દ્વારા સરકારે 2014-15થી 2025-26 વચ્ચે આ કામગીરી પાછળ 547.68 કરોડનો ખર્ચ કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે 2025-26નો આંકડો 2014 પછીનો સૌથી વધુ હતો. આ માટે તેમણે મોંઘવારી અને સેન્ટ્રલ દિલ્હીના વિશાળ પરિસરમાં ફેલાયેલી જૂની ઈમારતોની જાળવણીના વધતા ખર્ચને કારણ તરીકે દર્શાવ્યો હતો.

CPWD ના અધિકારીઓએ વિતેલા વર્ષો દરમિયાન ભેજ, ઉધઈ, જૂની ઈલેક્ટ્રિકલ સિસ્ટમ અને પ્લમ્બિંગની સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું છે.

2014 થી 2019 દરમિયાન, મંત્રીઓએ સમારકામ અને અપગ્રેડેશન પર વાર્ષિક સરેરાશ 26.78 કરોડનો ખર્ચ કર્યો હતો. આ સરેરાશ વાર્ષિક ખર્ચ 2019 થી 2024

...અનુસંધાન પાના 2 પર